## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કોરોનામાં હું મરી તો નથી ગયો પરંતુ મરવાનાં વાંકે જીવી રહ્યો છું... તો મારા માટે કોઈ સહાય છે..?

# સ્વચ્છતાના મુદ્દે વોર્ડ નં. ૧૦ માં ફરિયાદો મળતાં કાઉન્સીલરે સેનેટરી ઈન્સ્પેક્ટર બોલાવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાના મુદ્દે કાઉન્સીલરોને ફરિયાદ મળતાં હરકતમાં આવેલા કાઉન્સીલરોએ હવે કામગીરી સંભાળતા સેનેટરી ઈન્સ્પેક્ટરોને બોલાવી અને આ અંગે ફરિયાદોના નિકાલનું અભિયાન છેડ્યુ છે.

ગાંધીનગર વોર્ડ નં. ૧૦ માં આવતા સે. ૧ અને સે. ૮ માં આજે લોકસંપર્ક અભિયાનમાં નીકળેલા નગરસેવકોને ૧૦ જેટલી ફરિયાદો મળી હતી.

આ નગરસેવકોને ગાર્ડનની જાળવણી, કોમન પ્લોટની સફાઈ, અધૂરા સાઈન બોર્ડ, પાણીના તુટેલા જોડાણો, રખડતા પશુઓની ટ્રીમીંગ નહિ થતુ હોવાનું ફરિયાદ તેમજ સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો હતી.



સમસ્યા, અજાણ્યા ફેરિયાઓની અવરજવર, વૃક્ષોનું નિયમિત

મળતી વિગતો પ્રમાણે નગરસેવાકોએ સેનેટરી ઈન્સ્પેક્ટરોને બોલાવી સફાઈની કામગીરી સઘન રીતે થાય તે જોવા આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત જાહેરમાં મુકાયેલા ડસ્ટબીનો નિયમિત રીતે ઉપડી જાય તે જોવા પણ જણાવ્યુ હતુ. જ્યારે અન્ય ફરિયાદો અંગે સોમવારે મનપાની કચેરી ખુલતાં તેના નિકાલ માટેના પ્રયાસો હાથ ધરશે તેવી હૈયાધારણ આપી હતી.

ક્લીનેસ્ટ કેપીટલનો એવોર્ડ મેળવનાર મનપાના કાઉન્સીલરોને જ આજે સ્વચ્છતા અને જાહેરમાં રખડતા પશુઓની ફરિયાદ મળી છે. શહેરમાં માત્ર જાહેર માર્ગોની જ સફાઈને મહત્વ આપવામાં આવી રહ્યાની વાતો લોકજીભે થઈ રહી છે.

મનપાના સત્તાધીશોએ હવે સ્વચ્છતા માટે વધુ ગંભીર બનવુ પડશે એટલુ જ નહિ શહેરના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટની નિયમિત સફાઈ થાય તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે. રખડતા પશુઓ સામેની કાર્યવાહીને પણ સઘન કરવાની જરૂરિયાત હોવાની લોકજીભે ચર્ચા છે. આ રખડતા પશુઓને લઈ અકસ્માતો વધી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલંકરની ૧૩૩મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે ગાંધીનગર નજીક મધર ડેરી પાસે ડેરી ઉદ્યોગના બે પ્લાન્ટનું લોકાર્પણ કરશે.
- રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સુધી જતા માર્ગને લઈ નાયબ મ્યુનિ. કમિશનર દવે અને તેમની ટીમે ખાસ વીઝીટ કરી વાયબ્રન્ટની તૈયારીઓ અંગેની જાણકારી મેળવી હતી.
- નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે ત્રણ દિવસની રજા પર ગયા છે.
- સેન્ટ્રલ વીષ્ટાની સ્વચ્છતાને લઈ મનપા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી.
- ડી.માર્ટ પાસે રોડ પર આડેધડ પાર્કિંગ થયેલી ગાડીઓને આજે ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડ્રાઈવ કરી આવી ગાડીઓને લોક કરી દંડ વસુલ્યો હતો.
- ગાંધીનગરના સરગાસણ નજીક કારમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો.
- રાજ્યની ૧૨૭૫ જેટલી પ્રા. શાળાઓ એક શિક્ષકથી જ ચાલે છે.
- ૩જી ડિસેમ્બરથી રાજ્યમાં કુલ ૧૫ મેદાનમાં પો.સ.ઈ. તથા લોકરક્ષક ભરતીની શારિરીક કસોટી શરૂ થશે.

# ચિલ્ડ્રનસ યુનિવર્સિટી અંગત સચિવે વિદ્યાર્થીને લાફો માર્યો

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિવાદોમાં ઘેરાયેલી રહે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આજે સવારના સમયે ન્યાયીક અરજી સાથે ગયેલા વિદ્યાર્થીને લઈ વિવાદ સર્જાયો હતો. આ વિવાદે ઉગ્ર સ્વરુપ ધારણ કરતા કુલપતિના અંગત સચિવ તરીકે ફરજ બજાવતા યોગેન્દ્ર પટેલે વિદ્યાર્થીને લાફો ઝીકીં દેતો વિડીયો વાયરલ થતા સમગ્ર શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રધાનમંત્રી દ્વારા સ્થાપવામાં આવેલી અને સમગ્ર વિશ્વમાં એક માત્ર એવી ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં શિક્ષણ જગતને શરમાવે તેવી ઘટના બનવા પામી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે એક વિદ્યાર્થી યુજીસીના નિયમ પ્રમાણે જે વિદ્યાર્થીનું પરિણામ બાકી હોય તેને ડિસેમ્બર સુધી પરિણામ રજુ કરવાની તક આપવામાં આવે છે. અને આ વિદ્યાર્થીને આગળના અભ્યાસ માટે ગ્રાહ્ય ગણવામાં આવે છે. ત્યારે આ નિયમની વિરુધ્ધ પીએચડી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરીને વિદ્યાર્થીને અન્યાય કરવામાં આવ્યો હતો. ત્યારે આ વિદ્યાર્થી ન્યાય માટે અરજી લઈને યુનિવર્સિટી ખાતે ગયો હતો. જેને પગલે યુનિવર્સિટીના સ્ટાફ સાથે આ મામલે રકઝક ચાલી રહી હતી. તે સમયે કુલપતિના અંગત સચિવ યોગેન્દ્ર પટેલ અને સ્ટાફના કર્મચારીઓ પણ હાજર હતા. આ હોબાળા દરમિયાન વિદ્યાર્થીને બહાર જવા માટે કહેવામાં આવી રહ્યું હતું. તે સમયે અચાનક વિદ્યાર્થીએ યોગેન્દ્ર પટેલના કોટને બે ત્રણ વાર અડતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને વિદ્યાર્થીને લાફો ઝીકી દીધો હતો. આ સમગ્ર વાતનો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થતા વિવાદ સર્જાયો હતો. વિદ્યાર્થીને લાફાવાળી કરવામાં આવતા શિક્ષણ આલમમાં ચકચાર મચી જવા પામી છે.જયારે વિદ્યાર્થીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની સ્ટાફના આ કૃત્યને વખોડી કાઢે છે. ત્યારે કસુરવાર સામે તાત્કાલીક અસરથી પગલા ભરવા માટે વિદ્યાર્થીએ ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી છે. પરંતુ સમગ્ર રાજયમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી ચર્ચામાં રહી હતી.

# પ્રાકૃતિક કૃષિના મોડેલ સ્ટેટ તરીકે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે : રાજયપાલશ્રી

## રાજ્યના કૃષિ વિભાગ દ્વારા અડાલજ ત્રિ-મંદિર ખાતે પ્રાકૃતિક કૃષિની સાત દિવસની તાલીમ કાર્યશાળાનો શુભારંભ કરાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના આત્મા પ્રોજેક્ટ દ્વારા અડાલજના ત્રિ-મંદિર ખાતે યોજાયેલી પ્રાકૃતિક કૃષિની સાત દિવસીય તાલીમ કાર્યશાળાનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના મોડેલ સ્ટેટ તરીકે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે જેના યશભાગી ગુજરાતના ખેડૂતોને બનશે.

રાજ્યપાલશ્રીએ સાત દિવસીય તાલીમ કાર્યશાળામાં ઉપસ્થિત આત્મા અને કૃષિ વિભાગના અધિકારી-કર્મચારી, કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા જણાવ્યુ હતુ કે પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન ઘટશે એ ચિંતા છોડી દો. ગુરુકુળ કુરુક્ષેત્રમાં તેમના માર્ગદર્શન હેઠળ ૨૦૦ એકર જમીનમાં થઈ રહેલી પ્રાકૃતિક કૃષિના સ્વાનુભવને દોહરાવતા જણાવ્યુ હતુ કે પૂરી પ્રમાણિકતાથી વિધિપૂર્વક પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં આવે તો કૃષિ ઉત્પાદન ઘટતું નથી એટલું જ નહીં પાણીની બચત થાય છે, જમીનની ફળદ્રુપતા વધે છે, પર્યાવરણની રક્ષા થાય છે. તેમજ કૃષિ ખર્ચ ઘટતા અને પ્રાકૃતિક ઉત્પાદનોની યોગ્ય કિંમત મળતા ખેડૂતોની આવકમાં વધારો થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે દેશી ગાયના છાણ અને ગૌ મુત્રને કૃષિ માટે મિત્ર સુક્ષ્મજીવોનો અને ખનીજોનો ભંડાર ગણાવી એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ કૃષિ વૈજ્ઞાનિકોના તારણોને રજૂ કરી પ્રાકૃતિક કૃષિની અસરકારકતા ખેડૂતોને સમજાવી હતી.





# ઈલેક્ટ્રીક સામાનની આડમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૭

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન ઈલેક્ટ્રીક સામાનની આડમાં કન્ટેનરમાં બે પાર્સલમાંથી ૪૨ બોટલ દારુની મળી આવી છે. પોલીસે રૂ.૪૭,૪૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલા બંધ બોડીના ટાટા કંપનીના કન્ટેનર નં. એચ. આર. ૫૫. ડબલ્યું. - ૪૯૨૬ ને ઉભુ રખાવ્યું હતું. ત્યારબાદ ડ્રાઈવરને નીચે ઉતારી કન્ટેનર ચેક કરતા તેમા નાના મોટા અલગ પાર્સલ ભરેલા હતા. આ ઈલેક્ટ્રીક પાર્સલમાં બે પાર્સલ શંકાસ્પદ લાગ્યા હતા. આ પાર્સલોને નીચે ઉતારી ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૪૨ બોટલ મળી આવી હતી. ડ્રાઈવરને પાર્સલ અંગે પુછપરછ કરતા જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટની જયપુર ઓફિસ ખાતેથી મહાલક્ષ્મી ઈલેક્ટ્રીકસવાળાએ આ પાર્સલ નડીયાદ ડુમરાલ બજાર કિષ્ણા માર્કેટીંગવાળાએ મંગાવ્યું હોવાની હકીકત જાણવા મળી હતી. પોલીસે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સેકટર-૧૫ કોલેજની પાછળના વિસ્તારમાં એક ગાય ખાડામાં પડી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ તેને ભારે જહેમત બાદ ઉગારી હતી.

# આજે અમુલના મિલ્ક પાવડર પ્લાન્ટનું અમિત શાહ ઉદ્દ્ઘાટન કરશે

ગાંધીનગર ખાતે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના નવા દૂધ પાઉડર પ્લાન્ટ, પોલિ ફિલ્મ ઉત્પાદન પ્લાન્ટ તથા અન્ય પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે. ડેરી દ્વારા આ ચાર પ્રોજેક્ટ્સમાં રૂ. ૪૧૫ કરોડનું રોકાણ કરાયું છે.

આ નવો દૂધ પાઉડર પ્લાન્ટ એશિયાની સૌથી મોટી સંપૂર્ણ ઓટોમેટિક અમૂલફેડ ડેરી ખાતે સ્થાપવામાં આવેલ છે જે જીસીએમએમએફનું એકમ છે અને તેની મિલ્ક હેન્ડલિંગ ક્ષમતા દૈનિક ૫૦ લાખ લિટરની છે. દૈનિક ૧૫૦ ટનની ક્ષમતા ધરાવતો નવો અલ્ટ્રા-મોડર્ન મિલ્ક પાવડર પ્લાન્ટ સ્થાપિત કરી ડેરીની ક્ષમતા દૈનિક ૩૫ લાખ લિટરથી વધારીને ૫૦ લાખ લિટર કરવામાં આવી છે.

આ નવો પ્લાન્ટ ૨૪ટ૭ કાર્યરત રહે તે રીતે રૂ. ૨૫૭ કરોડ રૂપિયાના રોકાણથી બનાવવામાં આવ્યો છે. બે વર્ષના સમયગાળામાં તૈયાર થયેલો આ પ્લાન્ટ અત્યંત ઊર્જા-કાર્યક્ષમ ટેકનોલોજીથી સુસજ્જ છે અને તેમાં ઉત્સર્જનની માત્રા લગભગ નહિવત હશે. આ પ્લાન્ટમાં પાણીના પુનઃવપરાશની વ્યવસ્થા છે જેથી ભૂગર્ભ જળના વપરાશમાં ઘટાડો થશે. વધુમાં, આ પ્લાન્ટ વૈશ્વિક ખાદ્ય સુરક્ષા ધોરણોની જરૂરિયાતોને પુરી કરી કરશે અને સુરક્ષા પ્રણાલીઓના ઉચ્ચતમ સ્તરથી સુસજ્જ પણ છે. આ ઉપરાંત, આ પ્લાન્ટમાં નવીનતમ પેકિંગ લાઈનો છે તેમજ જથ્થાબંધ પેકિંગ લાઈન્સનું સંપૂર્ણ ઓટોમેટિક સંચાલન થશે.

કેન્દ્રીય સહકાર મંત્રી અમૂલ બટરના એક નવા પ્લાન્ટનું ઉદઘાટન પણ કરશે, જે અમૂલફેડ ડેરીની બટર ઉત્પાદન ક્ષમતાને દૈનિક ૪૦ ટનથી ત્રણ ગણી વધારીને ૧૨૦ ટન કરશે. આ પ્લાન્ટ રૂ. ૮૫ કરોડના રોકાણ સાથે બનાવવામાં આવ્યો છે, અને તે ડેરીને, ખાસ કરીને જ્યારે પીક સીઝનમાં દૂધનું સંપાદન વધારે હોય ત્યારે દૂધ ફેટના વધુ જથ્થાને અસરકારક રીતે નિયંત્રિત કરવાની ક્ષમતા ધરાવે છે.

## ચિલોડા સર્કલે બેંકોનું ખાનગીકરણના વિરોધમાં ભારતયાત્રા "બેંક બચાવો-દેશ બચાવો" રેલી આવી પહોંચી

ચિલોડા, તા. ૨૭

ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કોન્ફેડેશન (ઈૈંર્બ્ઝ) દ્વારા ચિલોડા સર્કલ ખાતે મુંબઈથી દિલ્હી જતી બેંક ખાનગીકરણનો વિરોધ કરવા યોજાયેલી ભારતયાત્રા બેંક બચાવો, દેશ બચાવો અંતર્ગત વિવિધ બેનરો સાથે રેલી આવી પહોંચી હતી.

આ રેલી બેંકોના નિરાકરણ સંગઠિત લૂંટ, રાષ્ટ્રીય સંપત્તિની વૈધ લૂંટ, બેંકોના નિજિકરણ ગરીબ જર્માકર્તાને માટે ડેથ વોરંટ વિવિધ મુદ્દે બેંકના ખાનગીકરણનો સખત વિરોધ સાથે સુત્રોચ્ચાર બેનરો લઈને ચિલોડા સર્કલે પરિભ્રમણ કરતી રેલીથી લોકોમાં આશ્ચર્ય જણાયુ હતુ. આ રેલી કલાકત્તાથી મુંબઈ વાયા ચિલોડા થઈને ૩૦મી નવેમ્બર-૨૦૨૧ના રોજ દિલ્હી ખાતે ભારતયાત્રા પહોંચશે.

# આઈઆઈટી ગાંધીનગરના પ્રાધ્યાપિકાએ વન્યજીવ સંરક્ષણ સાથે સ્થાનિકોના જીવન અંગે પુસ્તક લખ્યું

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે તાજેતરમાં 'ટાઈગર્સ આર અવર બ્રધર્સ: એન્થ્રોપોલોજી ઑફ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન ઈન નોર્થઈસ્ટ ઈન્ડિયા' પુસ્તક પર ચર્ચા સત્રનું આયોજન કર્યું હતું, જે પ્રો. અંબિકા અય્યાદુરાઈ દ્વારા લખાયેલ પુસ્તક છે. આ સત્રમાં ઈટાનગરની રાજીવ ગાંધી યુનિવર્સિટીના માનવતા અને સામાજિક વિજ્ઞાનના મદદનીશ પ્રો.સરિત કુમાર ચૌધરી ચર્ચાકાર તરીકે ઈવેન્ટમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા અને સત્રનું સંચાલન આઈઆઈટીજીએનના મદદનીશ સંશોધન પ્રોફેસર પ્રો.આલોક કુમાર કાનુન્ગોએ કર્યું હતું.

તાજેતરમાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન ડે પહેલા પ્રકાશિત થયેલું પ્રો.અય્યાદુરાઈનું પુસ્તક અરુણાચલ પ્રદેશની ચીન-ભારત સરહદો પર પ્રોફેસરના લાંબા ગાળાના એથનોગ્રાફિક ફિલ્ડવર્ક પર આધારિત છે અને વન્યજીવ સંરક્ષણ અને દિબાંગ ખીણના સ્વદેશી સમુદાય ઈદુ મિશ્મીના જીવન પર તેની અસરની ચર્ચામાં વિવેચનાત્મક રીતે સામેલ છે. પુસ્તકના લેખક ડૉ. અયદુરાઈએ તેમના પુસ્તકની મુખ્ય સામગ્રીને પ્રકાશિત કરી અને



કુદરતી વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંરક્ષણ વચ્ચેના સંઘર્ષની ચર્ચા કરી હતી. તેમણે સ્વદેશી સમુદાયોના પરિપ્રેક્ષ્યમાં સંરક્ષણની વિભાવનાને જોવાના મહત્વની રૂપરેખા આપી હતી અને વન્યજીવ સંરક્ષણ માટે સર્વસમાવેશક, સાંસ્કૃતિક રીતે માહિતગાર અને લોકો-કેન્દ્રિત અભિગમની જરૂરિયાત પર ભાર મૂકતા, ડૉ. અય્યાદુરાઈએ કહ્યું, 'વન્યજીવન સંરક્ષણમાં માનવ-પરિમાણો મોટાભાગે અદ્રશ્ય છે, ખાસ કરીને વંશીય સમુદાયોના વર્ણનો, જેઓ સંરક્ષણ સ્થળોમાં અને તેની આસપાસ રહે છે. આ પુસ્તક સ્થાનિક સમુદાયોના જીવન પર વન્યજીવન સંશોધન અને સંરક્ષણની અસરની નિર્ણાયક આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે અને વન્યજીવન સંરક્ષણ માટે બહુવિધ વર્ણનો અને વૈકલ્પિક અભિગમો પ્રદાન કરે છે.'

# પેરોલ જમ્પ કેદીને એલસીબી-૨એ પોલીસે પોક્સોના કેદીને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૭

રખીયાલ પોલીસ મથકમાં પોકસોના ગુનામાં અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા પેરોલ જમ્પ થયેલા કેદીને મેમ્કો અમદાવાદ ખાતે થી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સ્ટાફના કર્મચારીઓ કામગીરીની દિશામાં હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ અને જોગીન્દરસિંહને બાતમી મળી હતી કે રખીયાલ પોલીસ મથકમાં પોકસોના ગુનામાં અમદાવાદ સાબરમતિ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા રાજુ સોમાભાઈ સોલંકી (રહે.મેમ્કો બહુચરનગર પ્રેમાનગરની સામે અમદાવાદ) અમદાવાદ જેલ ખાતેથી ફર્લો રજા પર છુટ્યો છે. પરંતુ મુદત અંદર પરત જેલ ખાતે હાજર થયો નથી. જયારે ફલો જમ્પ કેદી ઓમનગર બહુચર નગર મેમ્કો ખાતે હાજર છે. જેથી એલસીબી-૨ પોલીસે રાજુ સોલંકીને પકડી પાડીને એલસીબી કચેરીએ લાવી પુછપરછ કરી હતી.જેમા તેણે ફલો રજા ઉપર છુટ્યો હતો અને સમય મર્યાદામાં પરત હાજર થયો ન હતો અને મેમ્કો ખાતે છુપાઈને રહેતો હતો. પોલીસે રાજુ સોલંકીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરી છે.

## એસજીવીપી ગુરૂકુળ છારોડી ખાતે અંજુ-નરશી પારિતોષિક-૨૦૨૧ અર્પણવિધિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

એસજીવીપી ગુરૂકુળ, છારોડી અમદાવાદ ખાતે અંજુ-નરશી પારિતોષિક-૨૦૨૧ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે આજે સવારે ૯.૦૦ થી ૧૨.૧૫ કલાકે યોજાનાર છે. વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૦ દરમિયાન પ્રકાશિત થયેલ બાલ સાહિત્યની વિવિધ શ્રેણીના પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોને પસંદ કરી આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. અક્ષર એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, બોટાદ અને બાલવિચાર પરિવાર દ્વારા પ્રતિ બે વર્ષે પારિતોષિક આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં માધવપ્રિયદાસ સ્વામી આશીર્વચન પાઠવશે. જેમાં અનેક વિધ્વાન સર્જકો વિશેષરૂપે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઝેડકેડ પ્રકાશન દ્વારા પ્રકાશિત કુલ પંદર પુસ્તકોનું એક સાથે વિમોચન કરવામાં આવશે. આ ગુજરાત રાજ્યનું બાલ સાહિત્ય ક્ષેત્રનું સૌથી મોટું રોકડ પારિતોષિક છે. જેમાં પ્રથમ પુરસ્કાર માટે રૂ. ૨૧૦૦૦ રોકડા, પ્રશસ્તિ પત્ર અને મોમેન્ટો, દ્વિતીય પુરસ્કાર માટે રૂ. ૧૧,૦૦૦ રોકડ, તૃતીય પુરસ્કાર માટે રૂ. ૫,૦૦૦ રોકડા આપવામાં આવશે.

## એલસીબી-૨ પોલીસે નારદીપુર પાસેથી ૨૯ બોટલ દારૂની પકડી પાડી

નારદીપુર ગામ થી પલીયડ વેડા માર્ગ પર ભલાભા પાર્ક રહેણાંક એરીયાની બાજુમાં અવાવરૂ જગ્યામાંથી એલસીબી-૨ પોલીસે બાતમીને પગલે વિદેશી દારુની ૨૯ બોટલ ઝડપી પાડી છે. પોલીસે કિં.રૂ.૧૨,૮૧૫ ની ૨૯ બોટલ દારુ અને એક હજારનો મોબાઈલ ગણી કુલ રૂ.૧૩,૮૧૫ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પંચદેવ મંદિર થી જૈન દેરાસર માર્ગ પર કાર ડીવાઈડર ચડી ગઈ

શહેરના સેકટર-૨૨ માં માર્ગ વચાળે ડીવાઈડર તૈયાર કરવામાં આવ્યા છે. જેને પગલે માર્ગ સાંકળો થઈ ગયો છે.જેને પગલે વાહન ચાલકો અને સ્થાનિક નાગરીકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. એક વાહન જતુ હોય તો બીજુ વાહન પસાર થઈ શકે તેમ નથી. ત્યારે આ સ્થિતિમાં માર્ગ સાંકળો થતા આ માર્ગ પર નાના મોટા અકસ્માત સર્જાતા રહેતા હોય છે. ત્યારે તંત્રની અણઘડ નિતિનો ભોગ સામાન્ય નાગરીકો બની રહ્યા છે. આજે સાંજના સુમારે પંચદેવ મંદિરથી જૈન દેરાસર માર્ગ પર કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી.જેમાં કારના આગળના ભાગે ભારે નુકશાન થયું હતું.

## સરગાસણ-કુડાસણ માર્ગ પર મારૂતિવાન સળગી ઉઠી

સરગાસણ-કુડાસણ માર્ગ પર સરદાર ફાર્મ નજીક આજે બપોરના સુમારે માર્ગ પરથી પસાર થઈ રહેલી વાનમાં અચાનક આગ લાગી હતી. વાનમાં આગ લાગતા ચાલક નીચે ઉતરી ગયા હતા. જયારે વાનમાં આગ લાગી હોવાની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલીક ફાયર જવાનો પહોંચી ગયા હતા. જવાનોએ પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગની જવાળાઓમાં વાન સંપૂર્ણ બળીને રાખ થઈ ગઈ હતી. જો કે વાનમાં આગ લાગતા સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થયા હતા.